# ઘરમાં નળ વાટે પીવાનું પાણી મેળવવામાં ગાંધીનગર અવ્વલ

પીવાનું પાણી મેળવવાના સ્ત્રોત તરીકે જો આપણે ગુજરાત અને ગાંધીનગરની સ્થિતિ ચકાસીએ તો ગાંધીનગરની સ્થિતિ પ્રમાણમાં સારી છે. જેમકે ગુજરાતમાં પીવાનું પાણી નળ વાટે અને શુદ્ધ કરાયેલું પાણી મેળવતા પરિવારોની સંખ્યા ૪૦ ટકા છે જ્યારે ગાંધીનગરમાં નળ વાટે સીધુ અને શુદ્ધ પાણી મેળવતા પરિવારોની સંખ્યા ૫૩ ટકા જેટલી છે આ ઉપરાંત ઉપચારિત કરાયેલું ન હોય પણ નળ દ્વારા પાણી મેળવી શકતા હોય એવા પરિવારો ગુજરાત અને ગાંધીનગરમાં અનુક્રમે ૨૯ ટકા અને ૩૭ ટકા છે. આમ, નળ વાટે ભલે ઉપચારિત કરાયેલું પાણી ન મળતું હોય પણ ગાંધીનગર ગુજરાત કરતા પાણીની પાઈપલાઈન થકી નળ વાટે પાણી મેળવવામાં ખાસુ વિકસિત છે એમ કહી શકાય.

એવી જ રીતે જોઈએ તો ગુજરાતના ૧૨ ટકા પરિવારો આજે પણ પીવાનું પાણી હેન્ડપંપ (ડંકી)થી મેળવે છે જ્યારે ગાંધીનગરમાં માત્ર ૦.૯ ટકા પરિવારો જ ડંકીનું પાણી પીવા માટે મેળવે છે. દસ હજાર પરિવારે માત્ર ૮ પરિવારોને હેન્ડપંપનું પાણી લેવું પડે છે. ગાંધીનગર અને ગુજરાતની બીજી વિગતો જોતા પહેલા આપણે એ સમજવું પડશે કે ભૌગોલિક દષ્ટિએ ગાંધીનગરની જમીન રેતાળ પ્રકારની હોવાથી જો હેન્ડપંપ મુકવામાં આવે તો ગાંધીનગરમાં નિરર્થક રહે કારણ કે પાણીના તળ ખૂબ જ ઉંડા છે. ઉપરાંત રેતાળ હોવાના કારણે પાણી ખેંચવા માટે ખૂબજ પંપીંગ કરવું પડે છે. જે વિસ્તારોમાં જળ પ્લાવિત અને પથરાળ હોય ત્યાં હેન્ડપંપ એટલે વધુ જોવામાં આવે છે. ગાંધીનગરના જળસ્તર ખુબ નીચા હોવાના પરિણામે પણ હેન્ડપંપ અસરકારક નીવડી શકતા નથી.



ગણતરીમાં ગાંધીનગર
પ્રા. ડૉ. રાજેન્દ્ર જાની

**ગાંધીનગરમાં ૯૦ ટકા પરિવારો નળનું પાણી મેળવે છે**

ગુજરાતના કુલ પરિવારો પૈકી ૬૯ ટકા પરિવારો નળ વાટે પીવાનું પાણી મેળવે છે. જ્યારે ગાંધીનગરમાં ૯૦ ટકા પરિવારોને આ લાભ થાય છે. કૂવા, હેન્ડપંપ, ઝરણાં, પાણીની ટાંકી, ટેન્કર, નદી નહેર અને ટ્યૂબવેલ કે બોર પૈકીના અન્ય સ્ત્રોત દ્વારા બાકીના પરિવારો પાણી મેળવે છે. જેમાં સૌથી વધુ બોરવેલથી પાણી મેળવતા હોવાનું આંકડા દર્શાવે છે.

સેન્સસ રિપોર્ટની આંકડાકીય વિગતો એમ દર્શાવે છે કે ગુજરાતમાં ઝરણાં, નદી-નહેર-તળાવ-સરોવરથી પાણી મેળવતા પરિવારોની સંખ્યા માત્ર ૭ ટકા જેટલી જ છે અને ગાંધીનગરમાં તો એ પરિવારોની સંખ્યા એક ટકાથી પણ ઓછી છે. આથી એમ કહી શકાય કે ગુજરાતમાં પીવાના પાણી મેળવવાના સ્ત્રોત પૈકીના આ સ્ત્રોતનો ઉપયોગ ઓછો થયો છે. જે દર્શાવે છે કે સરકારી પ્રયાસો અને નાગરિક જાગૃતિના કારણે નદી-નહેર-તળાવને ઝરણાનું પાણી પીવા માટે ઓછું ઉપયોગમાં લેવામાં આવે છે. આ આપણા માટે આનંદદાયક બાબત છે. આ આનંદ ત્યારે બેવડાય જ્યારે નદી-નહેરને તળાવનું પાણી આપણે કચરો, ગંદકી અને વાસણ-કપડાં ધોઈને કે શૌચ સ્થાન તરીકે ઉપયોગ કરીને નહી બગાડીએ. વિકાસની પ્રક્રીયામાં અને ખીલવણીમાં નાગરિકો જો પ્રયાસ કરે તો જ સાચી રીતે વિકાસ થઈ શકે. કોઈપણ સરકાર નાગરિક સહકાર વિના પૂર્ણ વિકાસને ના પહોંચાડી શકે.

# દેશ વિશ્વગુરુ બને તે માટે સાથે કામ કરીએ : મુખ્યમંત્રી

## સેક્ટર-૧૬ રંગમંચ ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા ચાર લોકસભાની બેઠકોના બુથ ઈન્ચાર્જ અર્થાત ક્લસ્ટર બેઠકમાં ઉપસ્થિત કાર્યકરોએ મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખનું સંબોધન

ગાંધીનગર, તા.૩

આગામી લોકસભાની ચુંટણીને અનુલક્ષી ભાજપ દ્વારા સમગ્ર ભારતભરમાં બુથ સુધીના રંગમંચ ખાતે બપોરના સુમારે ચાર લોકસભાનું પ્રથમ કલસ્ટર સંમેલન યોજાયું હતું. ગાંધીનગર, સાબરકાંઠા, અમદાવાદ પૂર્વ અને ઉપસ્થિત કાર્યકરોને લોકસભાની ચુંટણીને ધ્યાને રાખી રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને પ્રદેશ પ્રમુખ જીતુભાઈ

શહેરના સેકટર-૧૬ રંગમંચ ખાતે આયોજીત શકિત કેન્દ્ર સંમેલનમાં ઉપસ્થિત કાર્યકરોને સંબોધતા રાજયના મુખ્યમંત્રી બને અને તેની પ્રતિષ્ઠા વધે,

● અનુસંધાન પાન-૭ પર






આયોજનને મજબુત બનાવવા માટે કલસ્ટર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં આજે ગાંધીનગર શહેરના સેકટર-૧૬ અમદાવાદ પશ્ચિમ લોકસભાના યોજાયેલા કલસ્ટર સંમેલનમાં મોટીસંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા. આ શકિત કેન્દ્ર સંમેલનમાં વાઘાણીએ માર્ગદર્શન અને દોરવણી આપી આગામી બે ત્રણ માસ કામે લાગી જવા આહ્વાન કર્યું હતું.

વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે કલસ્ટર સંમેલન એ પાયાનું સંમેલન છે, ભાજપની તાકાતએ કાર્યકર્તાઓની છે. ભારત વિશ્વગુરુ

### પ્રદેશ પ્રમુખનું સ્વાગત શહેરના બે મેયરે કર્યું

ગાંધીનગર ખાતે આયોજીત ચાર લોકસભાના શકિત સંમેલનમાં ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીનું સ્વાગત ગાંધીનગર શહેર મહાનગર હોદેદારો દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરના મેયર પ્રવિણ પટેલ અને નામાંકિત મેયર રીટાબેન પટેલ પણ સ્વાગતમાં હાજર રહ્યા હતા.જેથી પ્રદેશ પ્રમુખે પણ નોંધ લઈને બે બે મેયર દ્વારા સ્વાગત કરાયું તેમ જણાવતા ઉપસ્થિત સૌ માં હાસ્યનું મોજુ ફરી વળ્યું હતું.

### છેલ્લે.. છેલ્લે..

- ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ ૧૨મીએ ગુજરાત આવશે. 'મેરા પરિવાર ભાજપ પરિવાર' અભિયાનનો પ્રારંભ કરાવશે.
- પાટણ બેઠક પરથી પક્ષ કહેશે તો ચૂંટણી નહિ લડવાની પૂર્વ સાંસદ અને કોંગી અગ્રણી જગદીશ ઠાકોરની જાહેરાત : અલ્પેશ ઠાકોર માટે માર્ગ મોકળો.
- શિહોરના લવરડાધાર ગામે પશુ ચરાવતા પિતા-પુત્ર પર દિપડાનો હુમલો, બંનેને શિહોર હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા.
- નર્મદા જિલ્લા ફ્રેર પ્રાઈઝ એસોસીએશનનું સ્નેહમિલન યોજાયુ : જેમાં વડાપ્રધાનના ભાઈ પ્રહલાદ મોદીએ ગુજરાત સરકારની નીતિઓની આકરી ટીકા કરી હતી.
- સ્વાઈન ફ્લુમાં વધુ આઠ કેસ નોંધાયા : સૌરાષ્ટ્રમાં સ્વાઈન ફ્લુનો હાહાકાર.
- કોંગ્રેસમાંથી અને ધારાસભ્યપદેથી રાજીનામુ આપનાર ડો. આશાબેનને સમજાવવાના ભરપૂર પ્રયાસો થઈ રહ્યાં છે. જો કે હજુ સુધી કોઈ નક્કર પરિણામ મળ્યુ નથી.
- ગાંધીનગર સહિત રાજ્યમાં ઠંડીનું જોર ઘટ્યું, લઘુતમ તાપમાનમાં ૩ ડિગ્રીનો વધારો
- માનવ તસ્કરી કાંડમાં મહિલા દલાલ માયા અંતે પકડાઇ ગઇ, આરોપી મહિલા સાત દિવસના રિમાન્ડ પર
- અમદાવાદ એરપોર્ટ પર બોમ્બ મૂકાયાના મેસેજથી ભાગદોડ, સઘન તપાસ બાદ તમામ બાબત અફવા નિકળી
- પીએસઆઇ-કોન્સ્ટેબલોને ૩ બીએચકેના મકાનો મળશે : કવાર્ટર્સ ફાળવણીની સાઇઝમાં વધારાની જાહેરાત

# કુપોષણથી પિડાતુ બાળપણ બિમાર છે

## શહેરમાં બાળકો દાંત, આંખ, ચામડીના રોગથી પિડાતા વધુ જોવા મળ્યા : હૃદયના ૫૪, કિડનીના ૨૦, કેન્સરના ૫ અને થેલેસિમીયાનો ભોગ ૪ બાળકો બન્યા છે : ૨૬૮૦ બાળકોને શ્વસનતંત્રની ખામી જણાઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરનું બાળપણ કુપોષણ અને ગંભીર બિમારીઓની સાથે સાથે દાંત, આંખ તેમજ ચામડી અને શ્વસનતંત્રની ગંભીર બિમારીમાં પટકાયેલુ છે.

શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમ તેના અંતિમ ચરણમાં છે ત્યારે આવા ચોંકાવનારા તારણે શહેરની સામાજિક ચિંતામાં વધારો કર્યો છે. આ ચકાસણી દરમ્યાન ૨૨ હજારથી વધુ બાળકો કુપોષણની સમસ્યાનો સામનો કરી રહ્યા છે.

શહેરના ૧૩,૫૫૯ બાળકો દાંત અને દંતરોગની બીજી તકલીફોનો સામનો કરતા જણાયા છે. ૨૨૨૬ બાળકોને આંખની તકલીફ, ૨૬૩ બાળકોને નાક-કાન ગળાની તકલીફ તો ૧૭૩ બાળકોન પેટની તકલીફ હોવાનુ બહાર આવ્યુ છે.

આ ચકાસણી દરમ્યાન બદલાતી જતી જીવનશૈલીને કારણે શરીરની સ્થૂળતા ધરાવતા ૭૨૭ બાળકો મળી આવ્યા છે. જ્યારે ૪૫૪ બાળકો તમાકુના વ્યસની હોવાનું જાણવા મળેલ છે.

૨૬૮૦ બાળકોને શ્વસનતંત્રની બિમારી જણાઈ છે. ૩૬ બાળકો વિકલાંગ છે. તો ૭ બાળકોને અસ્થિતંત્રના રોગ છે. અન્ય નાની મોટી બિમારી ધરાવતા ૧૧૭૦ બાળકો મળી આવ્યા છે.

આ અભિયાનમાં જે સૌથી ચોંકાવનારી હકીકત બહાર આવી છે તેમાં ૪ બાળકોને થેલેસિમીયા, ૫૪ બાળકોને હૃદયરોગની બિમારી, ૨૦ બાળકોને કિડનીની બિમારી અને ૫ બાળકો કેન્સરથી પિડાતા મળી આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

### ગ્રામ્ય વિસ્તારમાં ૨૩ હજાર બાળકોને સ્થળ પર સારવાર અપાઈ

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન ૨૩,૪૩૦ બાળકોને સ્થળ પર સારવાર આપવામાં આવી છે.

છેલ્લા ૧૦ સપ્તાહથી ચાલી રહેલ શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ૨,૭૩,૭૧૬ બાળકોની ચકાસણી સંપન્ન થઈ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી હૃદયની બિમારી ધરાવતા ૫૫, કિડનીની બિમારી ધરાવતા ૧૨, કેન્સરની બિમારી ધરાવતો ૧ બાળક મળી આવેલ છે. જ્યારે ૨૮ બાળકોને અન્ય બિમારી જણાયેલ છે.

ગ્રામીણ વિસ્તારમાં શરીરની સ્થૂળતા ધરાવતા બાળકો તેમજ તમાકુના વ્યસનથી ઘેરાયેલા બાળકોની સંખ્યાને લઈ તંત્ર દ્વારા હાલ

● અનુસંધાન પાન-૭ પર

# રોયલ ક્ષત્રિય ઠાકોર સેનાનું શકિત પ્રદર્શન યોજાયું





ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સત્યાગ્રહ છાવણી ખાતે આજે બપોરે ૨ કલાકે રોયલ ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. બાઈક, ગાડીઓ અને ડી.જે.ના તાલે સત્યાગ્રહ છાવણીથી રેલી પ્રસ્થાન થઈને વિવિધ માર્ગો પર ફરીને ચિલોડા પાસે એસ.પી.રીસોર્ટ ખાતે પહોંચી હતી, ત્યારબાદ ત્યાં સભામાં પરિણમી હતી. આ પ્રસંગે રાજયભરમાંથી હજ્જારો કાર્યકરો હાજર રહીને રેલીમાં જોડાયા હતા.

શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે થી રોયલ ક્ષત્રિય ઠાકોર સેનાની રેલી બપોરે પ્રસ્થાન થઈ હતી. આ પ્રસંગે ઠાકોર સમાજના આગેવાન રમેશજી ઠાકોરે આ પ્રસંગે જણાવ્યું હતું કે આ રેલી સમાજમાં શિક્ષણ, સંગઠન, રાજકીય ક્ષેત્રે જાગૃતિ આવે તે માટે યોજવામાં આવી છે. ઠાકોર સમાજનું વારંવાર શોષણ થતુ આવ્યું છે. સમાજના સંગઠનના આગેવાનો સમાજ સાથે ગદ્દારી કરતા હોય છે. સમાજને અન્ય દિશામાં લઈ જતા હોય છે. ત્યારે સમાજને સાચી દિશામાં લઈ જવાનું કાર્ય રોયલ ક્ષત્રિય ઠાકોર સેના કરી રહી છે. વર્ષ ૨૦૧૧માં ઠાકોર સેનાનું સંગઠન બનાવ્યું કે સમાજને કંઈક મળે સમાજની તમામ ક્ષેત્રે પ્રગતિ થાય. પરંતુ અલ્પેશ ઠાકોર કોંગ્રેસ સાથે કમિટમેન્ટ કર્યું છે. પરંતુ ઠાકોર સેના શું કમિટમેન્ટ કર્યું છે તે પુછી રહી છે પરંતુ આજદિન સુધી જવાબ આપવામાં આવ્યો નથી. ઠાકોર સેના દ્વારા પુછવામાં આવેલા ૧૦ મુદ્દાનો જવાબ આપવામાં આવ્યો નથી.ત્યારે વર્ષ ૨૦૧૭ જેવી સ્થિતિ ૨૦૧૯માં ના ઉભી થાય તે માટે આ અલગ થવાની નોબત આવી છે. હું કોઈ પક્ષમાં માનતો નથી અને અલ્પેશ સાથે ૨૦૧૫ થી ખટરાગ ચાલતો હતો, ઠાકોર સમાજ મારા માટે મહાન છે હું આજીવન ચુંટણી લડવાનો નથી તેમ કહી પોતાની વાત પુરી કરી હતી. ત્યારે ઠાકોર સેનામાં બે ભાગલા પડતા કાર્યકરો પણ મુજવણમાં મુકાયા છે. ત્યારે ગાંધીનગર ખાતે આયોજીત રેલીમાં મોટીસંખ્યામાં રાજયભરમાંથી રોયલ ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરો હાજર રહ્યા હતા.

# મધ્યપ્રદેશના ૬ અધિકારીઓની ટીમ જિલ્લાના પ્રવાસે આવે છે

ગાંધીનગર, તા. ૩

સ્વચ્છતા મિશન (ગ્રામીણ)માં જિલ્લામાં ચાલી રહેલી કામગીરીના અભ્યાસ માટે મધ્યપ્રદેશથી ૬ જેટલા અધિકારીઓની ટીમ આજે ગાંધીનગર આવશે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાં સ્વચ્છતા મિશન (ગ્રામીણ)માં ચાલી રહેલી વિવિધ કામગીરીનો અભ્યાસ કરવા માટે નાયબ વિકાસ કમિશ્નર અને અન્ય પાંચ અધિકારીઓની ટીમ આવી રહી છે.

આજે બપોરે આ ટીમ ગાંધીનગર આવી પહોંચશે. આ પછી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સાથે વાતચીત બાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રી સાથે ચર્ચા-વિચારણા કરશે. આ ટીમને જિલ્લામાં સ્વચ્છતા મિશન અંતર્ગત ચાલતી વિવિધ કામગીરીનુ પાવર પોઈંટ પ્રેઝન્ટેશન પણ બતાવવામાં આવશે.

મંગળવારે ટીમ માણસા તાલુકાના લોદરા, અમરાપુર સહિત ૪ થી વધુ ગામોની મુલાકાત લેશે. ટીમ ગ્રામજનો સાથે પણ વાતચીત કરશે. આ પછી ટીમ ત્યાંથી સાબરકાંઠા જિલ્લાના પ્રવાસે જશે.

જિલ્લામાં સ્વચ્છતા મિશન (ગ્રામીણ)માં ઘનકચરાના નિકાલની વ્યવસ્થા તેમજ સેગ્રીગેશન શેડ બનાવવા સહિતની વિવિધ તબક્કાની સરાહનીય કામગીરી ચાલી રહી છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૦૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com